# જાહેરાત

બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે વર્ષ ૨૦૧૮-૧૯માં શરૂ થનાર ૩૧મા લેબોરેટરી ટેકનીશીયન/એક્ષ-રે ટેકનીશીયનના કોર્ષ માટે એક વર્ષના તાલીમ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે નીચે દર્શાવ્યા પ્રમાણેની શૈક્ષણીક લાયકાત તથા યોગ્યતા ધરાવતા ઉમેદવારો પાસેથી તા.૨૦/૦૬/૨૦૧૮ થી તા.૦૨/૦૭/૨૦૧૮ સુધીમાં આ કચેરીને મળી જાય તે રીતે અરજીઓ મંગાવવામાં આવે છે. ઉમેદવારોએ મુલાકાત માટે પસંદગી સમિતિ સમક્ષ સ્વખર્ચે આવવાનું રહેશે. વ્યક્તિગત કોલ લેટર પાઠવવામાં આવશે નહી.

પ્રવેશ માટેના ઇન્ટરવ્યુ તા.૨૬/૦૭/૨૦૧૮ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે બી.જે.મેડીકલ કોલેજના ઑડીટોરીયમ હોલ ખાતે રાખવામાં આવેલ છે.

| કોર્ષનું નામ | શૈક્ષૅણીક લાયકાત | તાલીમાર્થીઓ ની સંખ્યા |
|---|---|---|
| (અ) લેબોરેટરી ટેકનીશીયન | બી.એસ.સી. માઇક્રોબાયોલોજી/બાયોકેમેસ્ટ્રી પ્રથમ પસંદગી) | ૫૦ |
| (બ) એક્ષ-રે ટેકનીશીયન | બી.એસ.સી. (ફીઝીક્સ વિષયને પ્રથમ પસંદગી) | ૨૫ |

અરજદારની ઉંમર તા.૦૨/૦૭/૨૦૧૮ તારીખના રોજ ૧૮ થી ૨૫ વર્ષની અંદર હોવી જોઇએ. અનામત વર્ગના ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર બેઠકો અનામત રાખવમાં આવશે તથા વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

આ તાલીમ કોર્ષ માટેની અરજી સાદા કાગળ ઉપર નામ સરનામા સહીત વેબસાઇટ પર મુકવામાં આવેલ નમુના મુજબ કરવાની રહેશે. સાથે તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીની જમણી બાજુએ ચોટાડવાનો રહેશે. તા. ૦૨/૦૭/૧૮ના રોજ સાંજના ૫.૦૦ કલાક બાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી તેમજ અધુરી વિગતોવાળી અરજીઓ રદબાતલ ગણાશે.

અરજી પત્રક સાથે એચ.એસ.સી.ના તમામ પ્રયત્નોની માર્કશીટ (આગળ પાછળની ઝેરોક્ષ), ટ્રાયલ સર્ટિફિકેટ, બી.એસ.સી.ના ફર્સ્ટ થી ફાઇનલના તમામ વર્ષની/સેમીસ્ટરની તમામ પ્રયત્નોની માર્કશીટ(આગળ પાછળની ઝેરોક્ષ), ટ્રાયલ સર્ટિફિકેટ, બી.એસ.સી.નું પાસીંગ પ્રમાણપત્ર તેમજ જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ જોડવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સરકારશ્રી દ્વારા માન્ય કરેલ સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ તથા સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર તેમજ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ચાલુ વર્ષના આવકના પ્રમાણપત્રની નકલ અવશ્ય જોડવાની રહેશે. ઇન્ટરવ્યુ ના દિવસે ઉમેદવારોએ તમામ અસલ પ્રમાણપત્રો સાથે રૂબરૂમાં હાજર રહેવું.

સરકારશ્રી દ્વારા આ સીટોમાં વધઘટ થાય તે મુજબ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે..

સરકારશ્રીના વખતો વખતના ઠરાવમાં થયેલા સુધારા વધારા દરેક ઉમેદવારોને બંધન કર્તા રહેશે.

**www.bjmc.org** આ વેબસાઇટ પરથી જરૂરી માહિતી તથા અરજીનો નમુનો મેળવી લેવાનો રહેશે.

-સહી-

ડીન

બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ

# લેબોરેટરી ટેકનીશીયન વર્ષ-૨૦૧૮-૧૯ નું અરજી પત્રક

ફોટોગ્રાફ

પ્રતિ,
ડીનશ્રી
બી.જે.મેડીકલ કોલેજ
અમદાવાદ.

વિષય:- આપની સંસ્થા ખાતે મેડીકલ લેબોરેટરી.ટેકનીશીયનની એક વર્ષની તાલીમ માટે ઉમેદવારી નોંધાવવા બાબતની અરજી....

મે. સાહેબશ્રી

જય ભારત સાથે જણાવવાનું કે. હું ------------------------------------------------------------આપની સંસ્થા દ્વારા દૈનિક સમાચાર પત્રમાં પ્રસિધ્ધ કરાયેલ લેબોરેટરી ટેકનીશીયન કોર્ષ માટેની જાહેરાતના અનુંસધાને અરજી કરુ છુ. મારી સંપુર્ણ વિગતો નીચે મુજબ છે.

નામ:-
પુરેપુરુ સરનામું:-

ફોન નંબર:-
પિતાનું નામ:-
જન્મ તારીખ:-
જાતિ:-
પેટાજાતિ:- અનુસુચિત જાતિ/અનુસુચિત જન જાતિ/બંક્ષીપંચ/સા.શૈ.પ.વર્ગમાં અંગેનો જાતિ પ્રમાણપત્રનો આધાર પુરાવો સામેલ રાખેલ છે.

**<u>શૈક્ષણિક લાયકાત :-</u>**

| પાસ કરેલ પરીક્ષા | બોર્ડ યુનિ.નું નામ | પાસ કર્યાનું વર્ષ | **મુખ્ય વિષય** | **મેળવેલ ગુણ** | **મેળવેલ ટકાવારી** |
|---|---|---|---|---|---|
| એચ.એસ.સી | | | | | |
| બી.એસ.સી | | | | | |

ઉપર મુજબની તમામ વિગતો સાચી છે. જેની હું બાંહેધરી આપું છુ.

તા.   /   /૨૦૧૮ આપનો વિશ્વાસુ

બિડાણ:- (પ્રમાણીત ઝેરોક્ષ નકલ);- (                    )

(૧) જન્મ તારીખ અંગે શાળા છોડયાનું પ્રમાણપત્ર
(૨) એચ.એસ.સી તથા એફવાય.બીએસસી, એસવાય.બી.એસ.સી., ટીવાય બીએસસીની તમામ સેમીસ્ટર/વર્ષની તમામ પ્રયત્નોની માર્કસીટ (આગળ પાછળની ઝેરોક્ષ)
(૩) જાતિ અંગેનું પ્રમાણપત્ર
(૪) એચ.એસ.સી તથા ટીવાય બીએસસી ના એટેમ્પ્ટ સર્ટીફીકેટ તથા પાસીંગ સર્ટીફીકેટ ની નકલ
(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના (એસઇબીસી) ઉમેદવારોએ સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ ક્રીમીલેયર પ્રમાણપત્રની નકલ
(૬) ૨૦૧૮-૧૯ના વર્ષ માટેનું સક્ષમ અધિકારીનું આવક નું પ્રમાણપત્ર (સામાજીક શૈક્ષણીક પછાત વર્ગના ઉમેદવારો માટે )

# એકસ-રે ટેકનીશીયન વર્ષ-૨૦૧૮-૧૯ નું અરજી પત્રક

ફોટોગ્રાફ

પ્રતિ,
ડીનશ્રી
બી.જે.મેડીકલ કોલેજ
અમદાવાદ.

વિષય:- આપની સંસ્થા ખાતે એકસ-રે.ટેકનીશીયનની એક વર્ષની તાલીમ માટે ઉમેદવારી નોંધાવવા બાબતની અરજી....

મે. સાહેબશ્રી

જય ભારત સાથે જણાવવાનું કે. હું ------------------------------------------------------------આપની સંસ્થા દ્વારા દૈનિક સમાચાર પત્રમાં પ્રસિધ્ધ કરાયેલ એકસ-રે ટેકનીશીયન કોર્ષ માટેની જાહેરાતના અનુંસધાને અરજી કરુ છુ. મારી સંપુર્ણ વિગતો નીચે મુજબ છે.

નામ:-
પુરેપુરુ સરનામું:-

ફોન નંબર:-
પિતાનું નામ:-
જન્મ તારીખ:-
જાતિ:-
પેટાજાતિ:- અનુસુચિત જાતિ/અનુસુચિત જન જાતિ/બંક્ષીપંચ/સા.શૈ.પ.વર્ગમાં અંગેનો જાતિ પ્રમાણપત્રનો આધાર પુરાવો સામેલ રાખેલ છે.

**શૈક્ષણિક લાયકાત :-**

| પાસ કરેલ પરીક્ષા | બોર્ડ યુનિ.નું નામ | પાસ કર્યાનું વર્ષ | **મુખ્ય વિષય** | **મેળવેલ ગુણ** | **મેળવેલ ટકાવારી** |
|---|---|---|---|---|---|
| એચ.એસ.સી | | | | | |
| બી.એસ.સી | | | | | |

ઉપર મુજબની તમામ વિગતો સાચી છે. જેની હું બાંહેધરી આપું છુ.

તા. / /૨૦૧૮ આપનો વિશ્વાસુ

**બિડાણ:- (પ્રમાણીત ઝેરોક્ષ નકલ);-** ( )

(૧) જન્મ તારીખ અંગે શાળા છોડયાનું પ્રમાણપત્ર
(૨) એચ.એસ.સી તથા એફવાય.બીએસસી, એસવાય.બી.એસ.સી., ટીવાય બીએસસીની તમામ સેમીસ્ટર/વર્ષની તમામ પ્રયત્નોની માર્કસીટ (આગળ પાછળની ઝેરોક્ષ)
(3) જાતિ અંગેનું પ્રમાણપત્ર
(૪) એચ.એસ.સી તથા ટીવાય બીએસસી ના એટેમ્પ્ટ સર્ટીફીકેટ તથા પાસીંગ સર્ટીફીકેટ ની નકલ
(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના (એસઇબીસી) ઉમેદવારોએ સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ ક્રીમીલેયર પ્રમાણપત્રની નકલ
(૬) ૨૦૧૮-૧૯ના વર્ષ માટેનું સક્ષમ અધિકારીનું આવક નું પ્રમાણપત્ર (સામાજીક શૈક્ષણીક પછાત વર્ગના ઉમેદવારો માટે )

# <u>લેબોરેટરી/એક્ષ-રે ટેક્નીશીયનના તાલીમ અંગેની સુચનાઓ</u>

<u>અરજદારની ઉમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૦૨/૦૭/૧૮ રોજ ઉંમર ૧૮ થી ૨૫ વર્ષની અંદર હોવી જોઇએ.</u> અનામત વર્ગના ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર બેઠકો અનામત રાખવામાં આવશે તથા વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

આ તાલીમ કોર્ષ માટેની અરજી સાદા કાગળ પર વેબ સાઇટ પર મુકવામાં આવેલ નમુના પ્રમાણે અરજી કરવાની રહેશે. સાથે તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીની જમણી બાજુએ ચોટાડવાનો રહેશે. <u>અધૂરી તેમજ મોડી આવનાર અરજીઓ ઉપર ધ્યાન આપવામાં આવશે નહી.</u>

અરજી પત્રક સાથે એચ.એસ.સી, બી.એસ.સી. ના તમામ વર્ષની તથા તમામ સેમિસ્ટર/વર્ષના માર્કશીટની નકલો, ટ્રાયલ સર્ટિફિકેટ તથા એચ.એસ.સી. અને બી.એસ.સી.ના પાસીંગ પ્રમાણપત્ર, જન્મના પુરાવા માટે સ્કુલ લીવીંગ સર્ટિફીકેટની પ્રમાણીત નકલો બીડવાની રહેશે. અરજીમાં પોતાનું ઇ-મેલ આઇ.ડી. અને ફોન નંબર દર્શાવવા જરૂરી છે. અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સરકારશ્રીએ માન્ય કરેલ સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ તથા સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે અંગેના પ્રમાણપત્રની નકલ તેમજ સા.શૈ.પ. વર્ગના ઉમેદવારોએ ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯નું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ આવક અંગેના પ્રમાણપત્રની નકલ અવશ્ય રજુ કરવાની રહેશે. અધુરા આવેલ અરજી પત્રકો રદબાતલ ગણાશે અને તેમની પાછળથી આવેલ કોઇ પણ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

ઉક્ત તાલીમમાં પ્રવેશ મેળવવા માટે રસ ધરાવતા ઉમેદવારો પાસેથી તા.૨૦/૦૬/૨૦૧૮ થી તા.૦૨/૦૭/૨૦૧૮ ના રોજ સાંજના ૦૫.૦૦ કલાક સુધીમાં આ કચેરીને મળી જાય તે રીતે તમામ પ્રમાણપત્રોની નકલ સહિત અરજીઓ મંગાવવામાં આવે છે. લેબોરેટરી ટેક્નીશીયનના કોર્ષ માટે તેમજ એક્ષ-રે ટેક્નીશીયન કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે રસ ધરાવતા હોય તો તેઓએ અલગ અલગ અરજી કરવાની રહેશે. સરકારશ્રીના વખતોવખતના ઠરાવમાં થયેલ સુધારાવધારા દરેક ઉમેદવારોને બંધન કર્તા રહેશે. લેબોરેટરી ટેક્નીશીયન/એક્ષ-રે ટેક્નીશીયનના કોર્ષના પ્રવેશ માટેના ઇન્ટરવ્યુ તા.૨૬/૦૭/૨૦૧૮ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે બી.જે.મેડીકલ કોલેજના ઑડીટોરીયમ હોલ ખાતે રાખેલ છે. ઇન્ટરવ્યુ માટે ઉમેદાવારોએ તમામ અસલ પ્રમાણપત્રો સાથે સ્વ ખર્ચે હાજર થવાનું રહેશે.

ઇન્ટરવ્યુના દિવસે બધા જ અસલ પ્રમાણપત્રો લઇને આવવાનું રહેશે તેમજ અસલ પ્રમાણપત્ર નહી લાવનારની ઉમેદવારી રદ ગણાશે.

પસંદગી પામેલ ઉમેદવારે તા. ૦૧/૦૮/૨૦૧૮થી તા. ૧૦/૦૮/૧૮ સુધી દિન-૧૦માં કોર્ષમાં જોડાવાનું રહેશે. સમયમર્યાદા પછી આ જગ્યા પર તેઓનો કોઇપણ હક્ક દાવો રહેશે નહી. જો ઉમેદવાર નિયત સમયમર્યાદામાં નહી જોડાય તો તેઓની જગ્યા તેમના પછી મેરીટમાં આવતા લાયક ઉમેદવારોને ફાળવવામાં આવશે.

ખાતાકીય ઉમેદવારો માટે ૫૦(એમ.એલ.ટી), ૨૫(એક્સ-રે) બેઠકો હોય આ બેઠકો પર ખાતાકીય ઉમેદવારો નહી મળેતો આ જગ્યાઓ ભરવાની સરકારશ્રી દ્વારા મંજુરી મળેથી આ બેઠકો સીધી ભરતીના ઉમેદવારોથી ભરવામાં આવશે.

વધુમાં સરકારશ્રી દ્વારા બેઠકોમાં વધારો/ઘટાડો થશે તે મુજબ જગ્યાઓ ભરવામાં આવશે તે દરેક ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

ડીન<br>
બી.જે.મેડીકલ કોલેજ<br>
અમદાવાદ

નોધ:-અરજીના બિડાણમા દર્શાવેલ તમામ પ્રમાણપત્રો માગ્યા મુજબ ક્રમ મુજબ આપવા